ઈ-મેઈલ

ક્રમાંક: ઘ/માધ્ય/પરચ/૨૦૨૦/ ૨૧૪૩-૪૭

કમિશ્નર શાળાઓની કચેરી.
બ્લોક નં. ૯ ૧.ડૉ.જીવરાજ મહેતા ભવન.
ગુ.રા.. ગાંધીનગર.
તા.૨૭/૧/૨૦૨૦

પ્રતિ.
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી.
તમામ.

વિષય : ગુજરાત પોષણ અભિયાન ૨૦૨૦-૨૨ અન્વયે જિલ્લા કક્ષાના કાર્યક્રમ બાબત.
સંદર્ભ : મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, ગુજરાત સરકારના પત્ર ક્રમાંક:
ICDS/Gujarat/POSHAN ABHIYAN-2020/66603, તા.૨૨/૧/૨૦૨૦.

ઉપરોક્ત વિષય અન્વયેના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, ગુજરાત સરકારના પત્રની નકલ આ સાથે સામેલ રાખી મોકલી આપતા જણાવવાનું કે, ગુજરાત પોષણ અભિયાન ૨૦૨૦-૨૨ કાર્યક્રમનો શુભારંભ માન. મુખ્યમંત્રીશ્રીના હસ્તે તા.૨૩/૧/૨૦૨૦ ના રોજ દાહોદ જિલ્લામાં કરવામાં આવેલ છે. સદર અભિયાન અંતર્ગત સમગ્ર રાજ્યમાં યોજાનાર વિવિધ કાર્યક્રમોમાં આપના તાબા હેઠળની શાળાઓમાં અભ્યાસ કરતી દીકરીઓ પણ ભાગ લે તે માટે 30 જાન્યુઆરીથી ૧ ફેબ્રુઆરી દરમિયાન યોજાનાર કાર્યક્રમમાં કિશોરીઓ સાથે પોષણ અદાલતનું આયોજન કરવા તથા "બીજું પિયર ઘર" નામની નાની ફિલ્મ (સીડી અલગથી મોકલી આપવામાં આવશે.) આપના તાબા હેઠળની શાળાઓમાં વર્ષ દરમિયાન સમયાંતરે બતાવવામાં આવે તે માટે આપની કક્ષાએથી યોગ્ય સૂચનો/પરિપત્ર કરવા આથી જણાવવામાં આવે છે.

બિડાણ: ઉપર મુજબ.

સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા.. ગાંધીનગર

ક્રમાંક:યોજના/પરચ/૨૦૨૦/૪૯
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
ભાવનગર તા. ૨૯/૦૧/૨૦૨૦

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/RMSA/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ
જિ.ભાવનગર

ઉક્ત પત્રની જાણ તથા અમલ થવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

નકલ રવાના જાણ તથા અમલવારી સારૂ:
શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી

Scanned by CamScanner

આવક/જાવક શાખા
નંબર :- ૧૦૪
તારીખ :- ૨૪/૧/૨૦
ક.શાળા.કાર્યાલય

Manisha Chandra, IAS
Secretary

No: ICDS/ Gujarat Poshan Abhiyan
Women & Child Development Department
Government of Gujarat.
9/6, Sardar Bhavan,
Sachivalaya, Gandhinagar-382 010

66606

Date : 22/1/2020

વિષય: - ગુજરાત પોષણ અભિયાન ૨૦૨૦-૨૨ અંગેના જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં ભાગ લેવા બાબત

Dear Bharti,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, ગુજરાત પોષણ અભિયાન ૨૦૨૦-૨૨ કાર્યક્રમનો શુભારંભ માન.મુખ્યમંત્રીશ્રીના હસ્તે તા.૨૩/૦૧/૨૦૨૦ ના રોજ દાહોદ જિલ્લામાં કરવામાં આવશે. ત્યારબાદ આંગણવાડી કક્ષાએ તા.૨૫/૦૧/૨૦૨૦ થી તા.૨૯/૦૧/૨૦૨૦ દરમિયાન વાતાવરણ નિર્માણના કાર્યક્રમો તથા તા.૩૦/૦૧/૨૦૨૦, તા.૩૧/૦૧/૨૦૨૦ અને તા.૧/૦૨/૨૦૨૦ દરમિયાન જિલ્લા/મહાનગર પાલિકા/ નગરપાલિકા સ્તરે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરેલ છે. ગુજરાત પોષણ અભિયાન ૨૦૨૦-૨૦૨૨ ની કામગીરી સમગ્ર વર્ષ દરમિયાન ચાલુ રાખવામાં આવનાર છે.

ગુજરાત પોષણ અભિયાન ૨૦૨૦-૨૨, પ્રથમ ૧૦૦૦ દિવસ, એનિમિયા, ઝાડાનિયંત્રણ, સ્વચ્છતા અને પૂરક આહારની પાંચ થીમ પર આધારિત સલગ્ન વિભાગોનુ કન્વર્ઝન મિશન છે. માન. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત પોષણ અભિયાન ૨૦૨૦-૨૨ દરમ્યાન 'જનભાગિદારી' દ્વારા સુપોષણ કાર્યને સિધ્ધ કરવા પર ભાર મૂકેલ છે.

સમગ્ર રાજયમાં ગુજરાત પોષણ અભિયાન ૨૦૨૦-૨૦૨૨ અંતર્ગત તા.૩૦/૦૧/૨૦૨૦ થી તા.૦૧/૦૨/૨૦૨૦ સુધી જિલ્લા પંચાયત સીટ દીઠ-૧, નગર પાલિકા દીઠ-૧, મહાનગરપાલિકામાં વિધાનસભા સીટ દીઠ-૧ કાર્યક્રમનું આયોજન કરેલ છે, જેમાં રાજયના તમામ મંત્રીશ્રીઓ, બોર્ડ નિગમના ચેરમેનશ્રીઓ, IAS, IPS, IFS તથા અન્ય અધિકારીશ્રીઓ આ કાર્યક્રમમાં રાજય કક્ષાના મહાનુભાવ તરીકે હાજર રહી પાયાના કાર્યકરો અને જનતાને પ્રોત્સાહિત કરશે.

ઉપરોક્ત વિગતે "ગુજરાત પોષણ અભિયાન ૨૦૨૦-૨૨" અંતર્ગત સમગ્ર રાજ્યમાં યોજાનાર વિવિધ કાર્યક્રમોમાં શાળામાં ભણતી દીકરીઓ પણ ભાગ લે તે માટે તમામ જિલ્લાઓમાં આપની કક્ષાએથી પરિપત્ર કરી સૂચના આપવા વિનંતી છે. ૩૦ જાન્યુઆરીથી ૧લી ફેબ્રુઆરી દરમ્યાન યોજાનાર કાર્યક્રમમાં કિશોરીઓ સાથે પોષણ અદાલતનું આયોજન કરવા તથા ''બીજું પીઅર ઘર'' નામની નાની ફિલ્મની સીડી આ સાથે સામેલ કરીએ છીએ તે શાળાઓમાં વર્ષ દરમ્યાન સમયાંતરે બતાવવામાં આવે તે માટે આપની કક્ષાએથી ઘટતું કરવા વિનંતી.

૨૦૨૦ ની સાદર શુભેચ્છાઓ સાથે આભાર।

Yours Sincerely,

(મનિષા ચંદ્રા) 22/1/2020.

૫૨૪
૧૦૭
24/01/2020

24/1

પ્રતિશ્રી,
પી. ભારથી, IAS,
ઇ/ચા. કમિશ્નર ઓફ સ્કૂલ,

Scanned by CamScanner